# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૭ જુલાઈ ૨૦૨૪** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

| OPEN BOOK / REGULAR | શ્રેણી – ૧ થી ૪ ક્રેશ કોર્ષ | WRITER | YES / NO |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPERVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPERVISOR'S SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(30)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૦)**

૧. મા ણં ખુહા **મા ણં પિવાસા મા ણં બાલા મા ણં ચોરા મા ણં દંસા** મા ણં મસગા

૨. સુદિટ્ઠ **પરમત્થ સેવણા વા વિ વાવન્ન** કુદંસણ

૩. અભય દયાણં **ચક્ખુ દયાણં મગ્ગ દયાણં સરણ દયાણં જીવ દયાણં** બોહિ દયાણં

૪. કુઈએ **કક્કરાઈએ છીએ જંભાઈએ આમોસે** સસરક્ખામોસે

૫. ઈશ્વર સ્વામી **નેમપ્રભ સ્વામી વીરસેન સ્વામી મહાભદ્ર સ્વામી દેવજશ સ્વામી** અજીતસેન

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૬)**

૧. કામભોગેસુ તિવ્વાભિલાસા **કામભોગને વિશે તીવ્ર અભિલાષા રાખી હોય**

૨. વર નાણ **શ્રેષ્ઠ, જ્ઞાન**

૩. પમાયાચરિયં **પ્રમાદ કરવાથી**

૪. મચ્છરિયાએ **દાન આપી અહંકાર કર્યો હોય**

૫. સંઘટ્ટિયા **સ્પર્શ કરી ખેદ પમાડ્યો હોય**

૬. સમાણે **મળ્યેથી**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી શબ્દ) લખો. (૬)**

૧. જીવ રહિત (અચેત) **ફાસુય**

૨. ઝવેરાત, સોનું વગેરે રાખવાના પ્રત્યાખ્યાન **મણિસોવનના પચ્ચક્ખાણ**

૩. કઠોળની જાત, માપની મર્યાદા **સૂપ વિહિં**

૪. કાયાથી મૈથુન સેવવું નહિ **ન કરેમિ કાયસા**

૫. અપ્રતિહત **અપ્પડિહય**

૬. નમસ્કાર કરીને **નમોક્કારેણં**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૮)**

૧. અતિચાર એટલે શું? **વ્રતોમાં લાગવાવાળા દોષોને અતિચાર કહે છે.**

૨. તીર્થંકરને શેની ઉપમા આપવામાં આવી છે?

**તીર્થંકરને ચંદ્ર, સૂર્ય, સાગરની ઉપમા આપવામાં આવી છે.**

૩. પરપાસંડ એટલે શું? **જિનેશ્વરે બતાવેલા ધર્મ સિવાયના અન્ય ધર્મ.**

૪. ૯૯ અતિચારનો કાઉસ્સગ્ગ શા માટે કરવાનો છે?

**જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપમાં લાગેલા દોષોનું ચિંતન કરવા માટે કરવાનો છે.**

૫. જૈનો ભગવાનના કેટલા ભાગ પાડે છે? કયા?

**જૈનો ભગવાનના બે ભાગ પાડે છે. ૧) દેહધારી ૨) દેહરહિત (દેહ મુક્ત).**

૬. છટ્ઠું વ્રત શેના માટે છે? **છટ્ઠું વ્રત દિશાઓની મર્યાદા કરવાનું છે.**

૭. ઈચ્છામિ ખમાસમણો પાઠનું બીજું નામ શું છે?

**ઉત્કૃષ્ટ વંદના અથવા દ્વાદશાવર્ત્ત ગુરુવંદનનો પાઠ છે.**

૮. શુદ્ધ ભાવથી વંદના કરવાનું ફળ કોને મળ્યું? વંદના કેટલા પ્રકારની છે?

**શુદ્ધ ભાવથી વંદના કરવાનું ફળ કૃષ્ણ મહારાજાને મળ્યું. વંદના ત્રણ પ્રકારની છે.**

(30)

**પ્ર.૨ તત્ત્વ/સંસ્કાર વિભાગના આધારે**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૧૦)**

૧. બીજી અને ચોથી પર્યાપ્તિ લખો. **૨ શરીર પર્યાપ્તિ ૪ શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ**

૨. સુખ–દુ:ખ કોના જેવું નાશવંત છે? **સુખ–દુ:ખ પાણીના પરપોટા જેવું ને સંધ્યાના રંગ જેવું નાશવંત છે.**

૩. જમતા પહેલા શું કરવું જોઈએ? **જમતા પહેલા પાંચ વાર નમસ્કાર સૂત્રનું સ્મરણ કરીને સુપાત્રદાનની ભાવના ભાવવી જોઇએ.**

૪. છટ્ઠા શ્રાવક અને તેરમા સતી કયા? **૬ કુંડકૌલિક ૧૩ સુભદ્રા**

૫. અજીવ કોને કહે છે? **જેનામાં સુખ અને દુઃખનો અનુભવ કરવાની શક્તિ નથી. જેનામાં જાણવાની અને જોવાની શક્તિ નથી.**

૬. અભિમાન કરનાર શું ગુમાવે છે? **અભિમાન કરનાર પોતાના મિત્રો અને પ્રેમ ગુમાવે છે.**

૭. પાપની શરૂઆત શેનાથી થાય છે? પાપ શેનાથી વધે છે? **પાપની શરૂઆત લાલચથી થાય છે. પાપ છેતરપિંડી વગેરેથી વધે છે.**

૮. દંડક એટલે શું? **જ્યાં જીવ ઉત્પન્ન થઈને કર્મનો દંડ ભોગવે.**

૯. ધર્મનું જ્ઞાન મેળવવાથી કયા ગુણોની વૃદ્ધિ થાય છે? **પ્રામાણિકતા, સાદાઈ,સંતોષ, દયાભાવ વગેરે.**

૧૦. પૃથ્વીકાયની દયા પાળવા શું કરવું? (બે મુદ્દા) **૧) રસ્તામાં ખોદકામ થયું હોય ત્યાં ખોદેલી માટી પર ચાલવું નહિ. ૨) રમત રમવા કે ઝાડ–પાન વાવવા જમીન ખોદવી નહિ. ૩) ભોજનમાં ઉપરથી કાચું મીઠું લેવું નહિ.**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૧૦)**

૧. ઉપશાંત મોહનીય ...... ગુણસ્થાન, શ્રાવકનો ૧૩ મો ગુણ ...... છે. **અગિયારમું, ગુણાનુરાગી**

૨. સાતમા ગણધર ...... અને સાતમું કર્મ ...... છે. **અકંપિતજી, ગોત્ર**

૩. ...... વશ કરીને અને ...... રાખીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે. **૫ ઈન્દ્રિયો, મૌન**

૪. મોક્ષમાં આત્માને ...... અને ...... કહેવાય. **અરૂપી, અમર**

૫. ફટાકડા ફોડવાથી ...... અને ...... ના સંસ્કાર નાશ પામે. **દયા, પરોપકાર**

૬. નિમિત્તો તો માત્ર ...... છે, નિમિત્તોને ...... આપવી જોઇએ. **કારણરૂપ, ક્ષમા**

૭. ...... ને ધર્મની ભાષામાં માયા કહે છે. કંદમૂળના ત્યાગથી સ્વભાવ ...... રહે છે. **છેતરપિંડી, ઠંડો**

૮. હું સદા ...... અને ...... વાણી બોલીશ. **મીઠી, નમ્ર**

૯. પૃથ્વીકાયના કુળ ...... અને વાયુકાયનો વર્ણ ...... છે. **૧૨ લાખ ક્રોડ, નીલો**

૧૦. કર્મના ...... અને ...... ના કારણે હું સંસારમાં જન્મ–મરણ પામું છું. **બંધ, ઉદય**

**(૩) સાચું છે કે ખોટું? ખોટું હોય તે સુધારીને લખો.** **(૫)**

૧. તત્ત્વ વિચારણાની પદ્ધતિને ધ્યાન કહે છે. **ખોટું. તત્ત્વ વિચારણાની પદ્ધતિને દષ્ટિ કહે છે.**

૨. જૈનધર્મ એ લોકોત્તર પર્વ છે. **સાચું.**

૩. દેહધારી ભગવાનને સિદ્ધ કહે છે. **ખોટું. દેહધારી ભગવાનને અરિહંત કહે છે.**

૪. જેમાં જીવ હોય તેને અચેત કહે છે. **ખોટું. જેમાં જીવ હોત તેને સચેત કહે છે.**

૫. છટ્ઠી નરકનું નામ મઘા છે. **સાચું.**

**(૪) જોડકા જોડો.** **(૫)**

| **(અ)** | **(બ)** | **જવાબ** |
|---|---|---|
| ૧. ગુરુ | ૧. આત્મા | **૫. તત્ત્વ** |
| ૨. દ્રવ્ય | ૨. ત્રણ | **૧. આત્મા** |
| ૩. ધર્મનું મૂળ | ૩. વિનય | **૩. વિનય** |
| ૪. ચોમાસી પાખી | ૪. દશ | **૨. ત્રણ** |
| ૫. વનસ્પતિના બોલ | ૫. તત્ત્વ | **૪. દશ** |

**(૨૬)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૧૦)**

૧. મેઘરથ રાજાની પત્નીનું નામ લખો. **પ્રિયમિત્રા અને મનોરમા.**

૨. અભયકુમાર પર્વ તિથિએ શું આરાધના કરતા હતા? **પૌષધ આદિ વિશેષ ધર્મ આરાધના કરતા હતા.**

૩. ધન્ના અને શાલિભદ્ર કાળ કરીને ક્યાં ઉત્પન્ન થયા? **સર્વાર્થસિદ્ધ વિમાનમાં.**

૪. ભગવાન મહાવીર રોજ કેટલું દાન આપતા હતા? **૧ કરોડ ૮ લાખ સુવર્ણમુદ્રા.**

૫. પાપના કાર્યો ક્યારે થાય છે? **પાપના કાર્ય પ્રાયઃ એકાંતમાં અને અંધારામાં જ કરવામાં આવે છે.**

૬. ચંપા નગરીમાં કેટલા બ્રાહ્મણ ભાઈઓ રહેતા હતા? તેમના પત્નીના નામ લખો.

**ચંપા નગરીમાં ત્રણ બ્રાહ્મણ ભાઈઓ રહેતા હતા. તેમના પત્નીના નામઃ નાગશ્રી, ભૂતશ્રી, યશશ્રી.**

૭. ભગવાન પાર્શ્વનાથને જન્મથી કેટલા અને કયા જ્ઞાન હતા? **ત્રણ. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન.**

૮. આનંદ શ્રાવકને કેટલું અવધિજ્ઞાન હતું? **લવણસમુદ્રમાં ૫૦૦ યોજન સુધી, પહેલી નરકના લોલુપ્યાચુત નરકાવાસ સુધી.**

૯. રાજેમતી દીક્ષા લે છે ત્યારે શું આશીર્વાદ મળે છે? **તમે શીઘ્ર આ સંસારસાગરને પાર કરીને મોક્ષના સુખને મેળવો.**

૧૦. ચંદનબાળાના માતા-પિતાના નામ શું છે? **પિતા-દધિવાહન, માતા-ધારિણી.**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૧૦)**

૧. તું પણ અમૃતનો દરિયો છે. **મહાવીર સ્વામી ચંડકૌશિકને કહે છે.**

૨. અરે, પુત્ર તમે તો હજી નાના છો. **માતા-પિતા અતિમુક્ત કુમારને કહે છે.**

૩. ઓહ! હું કેવી અભાગી? **ચંદનબાળા મનમાં વિચારે છે.**

૪. તેમાં જીવતા નાગ અને નાગણી બળે છે. **પાર્શ્વ કુમાર કમઠ તાપસને કહે છે.**

૫. હે રાજન્! મારે કાંઈ જોઇતું નથી. **અમર કુમાર શ્રેણિક રાજાને કહે છે.**

૬. મરવાનો ઉપાય કરું છું. **નંદીષેણ મુનિરાજને કહે છે.**

૭. આના કરતા તો તમારા માટે મૃત્યુ શ્રેષ્ઠ છે. **રાજેમતી સાધ્વી રહનેમિને કહે છે.**

૮. મારા વેરનો બદલો લઉં. **સોમિલ મનમાં વિચારે છે.**

૯. બેટા! શ્રેણિક તો આપણા સ્વામી છે. **ભદ્રા માતા શાલિભદ્રને કહે છે.**

૧૦. માનવ જન્મને સફળ કરી લો. **આનંદ શ્રાવક શિવાનંદાને કહે છે.**

**(૩) વાર્તાના આધારે બોધપાઠ લખો. (કોઇપણ ત્રણ)** **(૬)**

૧. અતિમુક્ત કુમાર    ૨. ચંદનબાળા    ૩. અમર કુમાર    ૪. મેઘરથ રાજા    ૫. નેમ-રાજુલ

**HOME WORK**

(૧૪)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો. (કોઇપણ સાત)**

૧. અરિહંતો **જિનેશ્વર જે, જીતીને રાગ-દ્વેષોને, વર્યા છે જ્ઞાન કેવળને, નમું છું ભાવથી તેને.**
**વળી છે સિદ્ધ પરમાત્મા, કરીને ભસ્મ કર્મોને, બિરાજે** મુક્તિપદમાં જે.

૨. કરે **કાળજાને કતલ પીડા કામની બિહામણી, એ વિષયમાં બની અંધ હું વિડંબણા પામ્યો ઘણી,**
**તે પણ પ્રકાશ્યું આજ લાવી લાજ આપ તણી કને, જાણો સહુ તેથી કહું કર માફ મારા** વાંકને.

૩. લોકો **કહેતા આગળ ના વધશો, સાગરમાં તુફાન છે પણ મુજને તો તું સાચવનારો, જગનો તાત મહાન છે.**
**આંધી આવે, તુફાન આવે, મારું તો તુજમાં** ધ્યાન છે.

૪. મા-બાપ **મને ખૂંચે, મને જન્મ દીધો જેણે, મારા પાલન-પોષણમાં ઘણો ભોગ દીધો જેણે,**
**એની વૃદ્ધાવસ્થામાં, મારું ઘર હું** છોડાવું છું.

૫. રાત્રિ ગુમાવી સૂઈને, દિવસ ગુમાવ્યો ખાય, હીરા જેવો મનુષ્ય ભવ, કોડી બદલે જાય.

દાન, શિયળ, તપ, ભાવના, ધર્મના ચાર પ્રકાર, કરો આરાધો ભાવથી, તો પામો ભવપાર.

૬. દેહ મળ્યો છે ભવ તરવાને, ધર્મ કરીશું એના સહારે,

ખાવાપીવાના શોખ ભૂલીશું, ફરવા જઈશું તો દ્વાર તમારે,

કષ્ટ દઈને (૨) તનને તપાવી, કચરો કરમનો અમે બાળવાના.

૭. દીન ક્રૂર ને ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે, કરુણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્ત્રોત વહે,

માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું, કરે ઉપેક્ષા એ મારગની, તો ય સમતા ચિત્ત ધરું.

૮. શ્રી જિન અંતરના, હુઆ પાટ અસંખ્ય, મુનિ મુક્તે પહોંચ્યા, ટાળી કર્મના વંક,

ધન્ય કપિલ મુનિવર, નમું નમિ અણગાર.

૯. ચંદનબાળા બનીએ, મૃગાવતી બનીએ, સીતા જેવા થઈએ, મહાવીરના શાસનમાં,

જૂઠું બોલીએ, ચોરી નહિ કરીએ, ટી.વી.થી દૂર રહીએ.

**જય – જિનેન્દ્ર**

- ❋ PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
- ❋ NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY
- ❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914
- ❋ FOR BOOKS AND EXAM REGISTRATION